આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૫૫ | ૨૫ નવેમ્બર, ૨૦૧૨, રવિવાર; કારતક સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

એક ડઝન બુદ્ધિમાનો એક કલાકમાં જેટલા જવાબ નથી આપી શકતા, તેટલા સવાલ મૂર્ખ ફક્ત એક મિનિટમાં પૂછી શકે છે
- લેનિન

ગાંધીનગર જિલ્લામાં ૯૯૧૯ મતદારો વધ્યા

જિલ્લાની પાંચ બેઠકો માટે હવે ૯,૯૯,૩૭૫ મતદારો મતદાન કરશે : ૨૦ નવેમ્બર સુધી નોંધાયેલ મતદારોમાં ૫,૧૭,૦૮૮ પુરુષ મતદારો અને ૪,૮૨,૨૮૭ મહિલા મતદારો છે : જિલ્લામાં ૧૨,૨૨૨ મતદારોના ફોટા મેળવવાના બાકી છે

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ વિધાનસભાની પાંચ બેઠકો માટે ૯,૯૯,૩૭૫ મતદારો ૨૦-૧૧-૧૨ની સ્થિતિએ નોંધાયેલા છે. અર્થાત ૩૧ ઓગષ્ટે ચૂંટણી પંચે મતદાર યાદી પ્રસિધ્ધ કરી ત્યારબાદ વધુ ૯,૯૧૯ મતદારોનો વધારો થયો છે તેમ જિલ્લા કલેકટરશ્રી પી. સ્વરૂપે આજે જણાવ્યું છે.

કઈ બેઠકો પર કેટલા મતદારો

- ગાંધીનગર ઉત્તર - ૨,૦૩,૭૮૨
- ગાંધીનગર દક્ષિણ - ૨,૪૧,૭૬૫
- દહેગામ - ૧,૭૪,૧૧૩
- માણસા - ૧,૯૨,૫૦૩
- કલોલ - ૧,૮૭,૨૧૨

ગાંધીનગર કલેકટર કચેરીમાં પત્રકારોને ચૂંટણીની તૈયારીઓ અંગે વિગતો આપતાં તેમણે જણાવ્યું હતું કે નોંધાયેલા આ મતદારો પૈકી ૫,૧૭,૦૮૮ પુરૂષ મતદારો છે અને ૪,૮૨,૨૮૭સ્ત્રી મતદારો છે. મતદારોની નોંધણી અને સુધારણા ઝુંબેશનું પરિણામ છે.

તેમણે કહ્યું હતું કે ગાંધીનગર જિલ્લાની ફોટાવાળી મતદાર યાદીની ટકાવારી ૯૮.૭૮ ટકા છે. જિલ્લામાં ૧૨,૨૨૨ મતદારોના ફોટા મેળવવાના બાકી છે અને તે અંગેની કામગીરી ચાલી રહી છે.

- જિલ્લામાં મતદાન મથકો ૧૧૫૦
- બિલ્ડીંગ્સ - ૬૧૮
- ઈવીએમ મશીન - ૧૪૬૨

તેમણે જણાવ્યું હતું કે મતદારોની દૃષ્ટિએ સૌથી મોટો વિસ્તાર ગાંધીનગર દક્ષિણ બને છે જે નવો રચાયેલો છે. આ બેઠક પર ૨,૪૧,૭૬૫ મતદારો નોંધાયેલા છે. જ્યારે ગાંધીનગર ઉત્તર જે પણ નવો રચાયેલો વિસ્તાર છે જેમાં ૨,૦૩,૭૮૨ મતદારો છે.

દહેગામમાં ૧,૭૪,૧૧૩ મતદારો નોંધાયેલા છે. માણસા બેઠકમાં ૧,૯૨,૫૦૩ મતદારો અને કલોલમાં ૧,૮૭,૨૧૨ મતદારો નોંધાયેલા છે.

તેમણે જણાવ્યું હતું કે મતદારયાદી પ્રગટ કરાઈ ત્યારે ગાંધીનગર જિલ્લામાં ૯,૯૦,૦૧૭ મતદારો નોંધાયેલા હતા. આ પછી પણ પંચની સૂચના અને જોગવાઈઓ મુજબ ૨૦મી નવેમ્બર સુધી મતદારયાદીમાં નામ નોંધણીની પ્રક્રિયા ચાલુ હતી.

હવે યોજાનારી ચૂંટણીમાં જિલ્લામાં ૯,૯૯,૩૭૫ મતદારો દ્વારા મતદાન કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે જિલ્લામાં યુવા મતદારોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થવા સાથે સ્ત્રી મતદારોની સંખ્યામાં પણ સારો એવો વધારો થયો છે.

શ્રી સ્વરૂપે પત્રકારોને જણાવ્યું હતું કે શુધ્ધ મતદાર યાદી તૈયાર કરવાનો તંત્રએ પ્રયાસ કર્યો છે અને તેને પ્રજાએ પણ સારો પ્રતિસાદ આપ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

(તસવીર : દિપક જાની)

શિયાળો જામતા જ આમળા બજારમાં છલકાયા... વીટામીન-સી થી ભરપૂર આમળા શિયાળાનું એક અનોખું ફળ છે. આયુર્વેદિક શાસ્ત્રમાં આમળાનો મોટો મહિમા છે. સ્ફૂર્તિ અને શારીરિક ચમક આમળાનો રસ પીવાથી આવે છે. ગાંધીનગરમાં આજકાલ આમળા ઠેરઠેર જોવા મળે છે.

જિલ્લામાં ચૂંટણી દરમ્યાન કાયદો-વ્યવસ્થા જાળવવા વધુ ચાર કંપની બોલાવાઈ

ગાંધીનગર, તા. ૨૪

વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા માટે સ્થાનિક પોલીસની મદદમાં ચાર કંપનીના જવાનો ગાંધીનગર આવી પહોંચ્યા છે.

જિલ્લા પોલીસ વડા શ્રી શરદ સિંઘલે જણાવ્યું હતું કે આ ચાર કંપનીઓમાં એક મહિલા બટાલિયન ઉપરાંત એક બી.એસ.એફ.ની કંપની, એક સી.આઈ.એસ.એફ.ની અને એક સી.આર.પી.એફ.ની કંપનીનો સમાવેશ થાય છે. આ ચારેય કંપનીઓને તાલુકાઓમાં કામગીરી સોંપી દેવામાં આવી છે. આ દળો દ્વારા દરેક વિધાનસભા મતવિસ્તારમાં ફ્લેગ માર્ચ પણ કરી દેવામાં આવી છે.

તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા માટે રાજસ્થાનના ઉચ્ચ અધિકારીશ્રી મહેરોગાને મુકવામાં આવ્યા છે અને આગામી એકાદ-બે દિવસમાં તેઓ ગાંધીનગર આવી પહોંચશે.

શ્રી સિંઘલે જણાવ્યું હતું કે જિલ્લા પોલીસ તંત્ર દ્વારા ૨૬ જેટલા હિસ્ટ્રીશીટરોને તડીપાર કરવા અંગેની દરખાસ્ત જિલ્લાતંત્રને કરી દેવામાં આવી છે જે પૈકી ૨ દરખાસ્તોનો નિકાલ થતાં બન્ને જણાને તડીપાર પણ કરી દેવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં ૩૭૪૮૪ ડુપ્લીકેટ ફોટો ઓળખપત્ર અપાયા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં ૩૭,૪૮૪ લોકોને ડુપ્લીકેટ ફોટોઓળખકાર્ડ આપવામાં આવ્યા છે. આમાં સૌથી વધુ ગાંધીનગર (ઉ) બેઠક પર આપવામાં આવ્યા છે. જિલ્લામાં ૩૭,૪૮૪ મતદારોને ડુપ્લીકેટ ફોટો ઓળખકાર્ડ વિતરણ કરાયા છે. તેમાં ગાંધીનગર (ઉ)માં ૯૦૫૨ મતદારોને, માણસામાં ૮૮૩૨ મતદારોને, દહેગામમાં ૮૪૬૪, કલોલમાં ૫૭૦૯ મતદારોને અને ગાંધીનગર દક્ષિણમાં ૫૪૨૭ મતદારોને ડુપ્લીકેટ ઓળખકાર્ડ અપાયા છે.

ગાંધીનગર (ઉત્તર) માટે આઈ.કે. જાડેજા અને જયનારાયણ વ્યાસના નામો સક્રિય વિચારણામાં

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર (ઉ) બેઠક માટે ભાજપ દ્વારા શ્રી આઈ. કે. જાડેજા તથા શ્રી જયનારાયણ વ્યાસના નામ અંગે ગંભીરતાથી વિચારણાઓ ચાલી રહી હોવાની વાતને લઈ જિલ્લાના રાજકીય વાતાવરણમાં ગરમાવો આવ્યો છે.

પક્ષના પ્રવક્તા અને પૂર્વ શહેરી વિકાસ મંત્રી શ્રી આઈ. કે. જાડેજાનું નામ પ્રથમ યાદીમાં સમાવાયુ નથી અને તેમનું નામ હાલ ગાંધીનગર (ઉ) બેઠક માટે વિચારણામાં હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત વર્તમાન આરોગ્યમંત્રી શ્રી જયનારાયણ વ્યાસનું નામ પણ આ બેઠક માટે વિચારણામાં હોવાનું જાણવા મળી રહેલ છે.

ગાંધીનગર (ઉ) બેઠકમાં બ્રાહ્મણ મતદારોની સંખ્યા ધ્યાનમાં રાખી શ્રી વ્યાસનું નામ વિચારણામાં હોવાનું જણાવતાં ભાજપના સૂત્રોએ જણાવ્યું છે કે શ્રી વ્યાસ અધિકારીમાંથી સફળ રાજકારણી બન્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

ધો-12 પાસ તથા ગ્રેજ્યુએટ વ્યક્તિઓ માટે
સરકારી નોકરી મેળવવાની ઉત્તમ તક
GPSC, Dy.SO,BANK, POST, CLERK,...જેવી
સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી
અનુભવી ફેકલ્ટીના માર્ગદર્શન હેઠળ વહેલી તકે
કરવાની સફળતા જરૂરથી પ્રાપ્ત થાય છે.
સ્પર્ધાત્મક પરીક્ષાનું ગણિત-અંગ્રેજી પાયાથી શીખવતી એકમેવ સંસ્થા
નવી બેચ 25/11/12, રવિવારથી શરૂ થાય છે
સમય સાંજે 6.30 થી 8.30 (માત્ર 25 વિદ્યાર્થીઓને પ્રવેશ)
બહારગામના વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલની સુવિધા ઉપલબ્ધ છે.
પ્રવેશ માટે સંપર્ક
વિવેકાનંદ એકેડમી M:99256 98721
577, ઓમ હાઉ, ધર્મનાથની સામે,સેક્ટર ૧૧ સોસિટી સેક્ટર, સેક્ટર-22,ગાંધીનગર

ગાંધીનગરમાં પ્રથમ વખત ઘ-૫ ખાતે ભવ્ય ઉત્સવ
Deep Utsav
બાલનગરી
હેન્ડલુમ-હેન્ડીક્રાફ્ટ પ્રદર્શન
આજે છેલ્લો દિવસ
ભારતના વિવિધ પ્રાંતોના કુશળ કારીગરો દ્વારા બનાવેલી આકર્ષક હસ્તકલાની વસ્તુઓનું પ્રદર્શન
TIME : 11 A.M. to 10 P.M.
હેન્ડીક્રાફ્ટ ● ટેક્સટાઈલ ● હેન્ડમેડ પ્રોડક્ટસ ● ટેરાકોટા ● જ્વેલરી
ઘ-૫ સર્કલ, ઓપન એર થિયેટર, સે.૧૬ ગાંધીનગર

હોસ્ટેલ ભાડે આપવાની છે
૫૦ રૂમવાળી હોસ્ટેલ, રસોડા અને ડાઈનીંગ સ્પેસની વ્યવસ્થા સાથે, કોબા-ગાંધીનગર હાઈવે, સીટીપલ્સ સિનેમાની બાજુમાં, કુડાસણા
સંપર્ક : ૯૯૨૫૦ ૩૨૭૩૫
સંપર્ક : ૯૮૭૯૩ ૯૮૮૩૧

ADMISSION ANNOUNCEMENT for, IIT-JEE/NEET/BOARD
STAR Education mentoring for success
Your Road Map to Success Just Got Easier!
Admissions for Batches
IIT-JEE +Board (PCM) | Sem - 2 GSEB Students | Classes From : 26th Nov. 2012
IIT-JEE +Board (PCM) | Sem - 4 GSEB Students | Classes From : 26th Nov. 2012
NEET +Board (PCB) | Sem - 2 GSEB Students | Classes From : 26th Nov. 2012
NEET +Board (PCB) | Sem - 4 GSEB Students | Classes From : 26th Nov. 2012
10th CBSE/GSEB | Board + IIT - JEE : Enrollment Started !!!
9th CBSE/GSEB | Board + IIT - JEE : Enrollment Started !!!
Weekend Batches for 11th & 12th IIT - JEE/ NEET
Class Starts From : 30th Nov., 2012
Special Batches for Gujarati Medium Students
For more details : (079) 23288801, 85745 80803
H.O. : 3604, Behind Swaminarayan Temple, Sector - 23, Gandhinagar.
B.O. : C/205, Swagat Rainforest - 2, Opp. Swaminarayan Dham, Kaba Road, Madadar, Gandhinagar.
Web Address : www.shreestarindia.org



ગુજરાતનાં ૧૮ લાખ ઘરોમાં
વીજ જોડાણ
નથી!
JOIN HANDS FOR CHANGE
આવો ઘડીએ નવું ગુજરાત.